જે છે તેનો આનંદ લેવો
હોય તો જે નથી તેની ચિંતા
છોડી દો
- રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૬ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; ભાદરવા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## બી.પી. કોલેજના વિદ્યાર્થીઓ મધર ડેરીની મુલાકાતે

ગાંધીનગર શહેરની સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રમાકાંત પૃષ્ટીની રાહબરી હેઠળ કંપની વીઝીટના હેતુથી ભાટ ગામે આવેલી પ્રખ્યાત મધર ડેરીના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દૂધ અને દૂધને લગતી પ્રોડકટસ વિશે વિસ્તૃત માહિતી ડેરીના કર્મચારીઓ પાસેથી મેળવી હતી. આ મુલાકાતમાં કોલેજના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માર્ગી દેસાઈ, શીતલ પટેલ અને જીજ્ઞેશ ઠક્કર વગેરે પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓના માર્ગદર્શન અર્થે સાથે જોડાયા હતા.